




# ઝીપર કેવી રીતે સીવવું

આ વિડિયોમાં આપણે કપડાં પર ઝીપર સીવવાનું શીખીશું. આને માટે આપણને સિલાઈ મશીન સાથે જ આવતા ઝીપર ફુટનો ઉપયોગ કરવો પડશે.











આપણને જોઈશે બે સમાન માપના કપડાના ટુકડા, એ જ માપની ઝીપર અને થોડી ક્રાફ્ટ પિન્સ.
આ સફેદ સાઈડ કપડાંની ઉંધી બાજુ છે અને આ મુલાયમ લાલ સાઈડ સીધી. ઝીપરની સીધી તરફ રનર હોય છે અને ઉંધી બાજુએ તે સપાટ હોય છે.
ઝીપરને ખોલવા રનરને નીચે ખેંચો અને તેને આ રીતે ઉંધી લગાડો જેથી ઝીપરની અને કપડાંની સીધી બાજુ સામે-સામે રહે.
હવે ઝીપરને બરાબર કપડાંની કિનાર પર સરખી રીતે મુકો અને ક્રાફ્ટ પિન્સથી જોડી દો જેથી તે હલે નહીં.
ઝીપર ફુટને મશીનથી જોડવા માટે સોય ઊંચી કરો, સાથે જ પ્રેશર ફુટ લેવરને ઊંચકો જેથી પ્રેશર ફુટ કલેમ્પ છૂટી જાય.
હવે ઝીપર ફુટને પ્રેશર ફુટ બારની બરાબર નીચે રાખો અને તેને જોડવા માટે પ્રેશર ફુટ લેવરને નીચે ધકેલો.
હવે મશીન સ્વીચ ઓન કરો અને પિન લગાવેલી ઝીપર અને કપડાંની કિનારને ફુટના છેડા પર રાખો.
સીવવાનું શરુ કરતા પહેલા પેટર્ન સિલેક્ટર ડાયલને A પર અને સ્ટીચ લેન્થ સિલેક્ટરને 4 પર રાખો.
હવે ઝીપરની આ સાઈડને સીવવાનું શરુ કરો.
સિલાઈ કરતી વખતે લગાવેલી પિન્સ કાઢવાનું ભૂલશો નહીં.





છેડા સુધી પહોંચીને પ્રેશર ફુટને ઊંચકો, કપડું કાઢીને દોરો કાપી લો.
હવે તમે ઝીપરની બીજી બાજુ સીવવા તૈયાર છો.
બીજા કપડાંના ટુકડાને સીધું રાખી તે પર બાકી ઝીપરની કિનાર સરખી ગોઠવો.
બંનેને પિન લગાવીને જોડી દો.
હવે આને ઝીપર ફુટના કિનારે રાખી સીવવાનું શરુ કરો.
છેડા સુધી પહોંચી પ્રેશર ફુટ ઊંચકો અને રનરને ખેંચી ઝીપ બંધ કરતા જાઓ.
હવે આખું સીવી લો અને અંતમાં ફુટ અને સોયને ઊંચકી કપડું કાઢી લો.
હવે થ્રેડ કટરથી વધેલો દોરો કાપી નાખો.
હવે ઝીપર કપડાં પર સરસ રીતે સિવાઈ ગઈ છે.
તો મજાનું છે કે નહીં!
આવી રીતે અલગ-અલગ રચનાઓ અને રંગોની ઝીપ અને કપડાં સાથે તમે એક્સપેરિમેન્ટ કરી શકો છો.
પોતાની સર્જનશીલતાથી તમે પોતે ડિઝાઇન કરેલા પાઉચ બનાવી શકો છો. તો પ્રેક્ટિસ ત્યાં સુધી કરો જ્યાં સુધી તમે એક્સપર્ટ ના થઈ જાઓ!